PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર**

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૭/કવા–૦૪/૧૬–૧૭/ ૧૧૨૪ તા. ૦૭/૦૨/૧૭

રજી. એ.ડી પત્ર

પ્રતિ,
જેઠાભાઈ ખીમાભાઈ સુવા,
ગામ : જામ–દેવળીયા,
વાડી વિસ્તાર,
તા.કલ્યાણપુર
જી. દ્વારકા

**વિષય :–મીટર બદલી તેમજ મેન્ટેનન્સ બાબત**
**સંદર્ભઃ– આપની અરજી , તા. ૧૦–૦૧–૧૭ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૧૭/કવા–૦૪/૧૬–૧૭ )**

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

( કે. ડી. વીરડીયા )
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ૨)

**નકલ રવાના :**
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી જામનગર
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, દ્વારકા
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વિભાગીય કચેરી, કલ્યાણપુર

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

No. 06 [B]

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| કેસ નં. : સીજીઆરએફ : ૧૭/કવા–૦૪/૧૬–૧૭ | કમિટિ મીટીંગ તા.૦૩–૦૨–૧૭ | સ્થળ :–જામનગર |
|---|---|---|

**પક્ષકાર નં.: –(૧) અરજદાર (ફરીયાદી) :**

**અરજદાર (ફરીયાદી) : નામ: જેઠાભાઈ ખીમાભાઈ સુવા, ગામ: જામ–દેવળીયા,**

**રજુઆત કરનાર : અરજદાર હાજર રહેલ ન હતા.**

## વિરુધ્ધ

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : પેટા વિભાગીય કચેરી, કલ્યાણપુર (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી, દ્વારકા)**

**રજુઆત કરનાર :જે.એમ.સીન્ધી, નાયબ ઈજનેર (ટેક) વિભાગીય કચેરી, દ્વારકા**

## : હુકમ :

**ફરીયાદ : મીટર બદલી તેમજ મેન્ટેનન્સ બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| **૧** | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| **૧.૧** | અરજદાર જણાવે છે કે, તેઓ શ્રી ના હૈયાત જોડાણ વાળા ખેતીવાડી વીજગ્રુપ ની લાઈન ના તાર / તાણીયા / એંગલ / ચપલા / ગરેડી તેમજ અન્ય સામાન– જે વર્ષો જુની વીજલાઈન હોય, સડી ગયેલ છે. તેમજ, ૧૨ થી ૧૩ થાંભલાઓ પણ નમી ગયેલ છે. આવા કારણોસર, સતત વીજવિક્ષેપ રહે છે. વારંવાર ફરીયાદો કરવા છતા, કોઈ કાર્યવાહી થતી નથી. |
| **૧.૨** | તેમજ, તેઓ શ્રી ના જોડાણ નુ મીટર પણ ક્ષતિગ્રસ્ત હોય, બદલાવવામા આવેલ નથી. આવા કારણોસર, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| **૨** | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ, ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| **૨.૧** | ફરીયાદી અરજદાર શ્રી ના જણાવવા મુજબ ના, તેઓ શ્રી ના હૈયાત જોડાણ વાળા ખેતીવાડી વીજગ્રુપ ની, હૈયાત એવી વર્ષો જુની વીજલાઈન નુ સમારકામ, જે પ્રોજેક્ટ નં.૧૬૫૮૧૭ થી, તાંત્રીક મંજુરી મેળવી અને હાથ ધરાયેલ છે. જે મુજબ, કુલ ૨૧ થાંભલાઓ ના, નવા એંગલ, સેકેલ ઈન્સ્યુલેટર તેમજ જરૂરી હાર્ડવેર વગેરે બદલાવવાની કામગીરી પૂર્ણ થયેલ છે. હવે, ૨૦ થાંભલાઓ ના ગાળા ના ૧૧ કેવી વીજલાઈન ના તાર બદલવાની કામગીરી પણ ત્વરીતે હાથ ધરી અને તા.૦૮–૦૨–૧૭ સુધી મા પૂર્ણ કરવામા આવશે. આ કામગીરી અરજદાર શ્રી ની હાજરી, જાણકારી અને સંતોષ હેઠળ પૂર્ણ થયેલ છે. |
| **૨.૨** | તદ ઉપરાંત, અરજદાર શ્રી ના ગ્રાહક નં.: ૮૫૭૨૧/૦૦૩૧૨/૦ ના જુના એલસ્ટાર કંપની ના મીટર નં.: ૪૯૨૮૧૬૦ ને, પણ તા.૨૪–૦૧–૧૭ ના રોજ અરજદાર શ્રી ની હાજરી મા, પર્ફોમા નંબર – ૧૫ થી બદલાવી આપવામા આવેલ છે. આ કામગીરી પણ અરજદાર શ્રી ની હાજરી, જાણકારી અને સંતોષ હેઠળ પૂર્ણ કરાયેલ છે. આમ, અરજદાર શ્રી ની બન્ને માંગણીઓ પીજીવીસીએલ દ્વારા – અરજદાર શ્રી ને સંતોષજનક રહે તે મુજબ પૂર્ણ કરાયેલ છે. |

**મુદદા નં.–૩ : : નિષ્કર્ષ :**

| | |
|---|---|
| **૩** | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| **૩.૧** | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની સવાલવાળી અરજી મા કરાયેલ કુલ ૦૨ માંગણીઓ, અનુક્રમે (૧) તેમના જોડાણ ના સ્થળ ની વીજલાઈન ના સમારકામ બાબત, અને (૨) તેમના જોડાણ ના જુના મીટર બદલાવવા બાબત, જે પીજીવીસીએલ પક્ષકાર તરફથી મુદદા નં. ૨.૧ અને ૨.૨ મુજબ ની વિગતે, અરજદાર શ્રી ની હાજરી, જાણકારી અને સંતોષ હેઠળ પૂર્ણ થતા, અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે. |

**મુદ્દા નં.-૪ :** **હુકમ**

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૧ મુજબ ની વિગતે, અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
**સ્વતંત્ર સભ્ય**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

(ટી.બી.ભીમાણી)
**ચેરમેન**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

નોંધ જો સદર નિણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સાથે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમના ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે..